# ગાંધીનગર શહેરમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી






ગાંધીનગર, તા. ૫

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. 'ટુગેધર વી કેન, બીટ એર પૉલ્યુશન' થીમ અંતર્ગત આ ઉજવણી ગાંધીનગર મહાનગર પાલિકા, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડ-ગાંધીનગર પ્રાદેશિક કચેરી તથા પેથાપુર નગરપાલિકાના સહયોગથી હાથ ધરવામાં આવી હતી. ઉજવણી અંતર્ગત જાગૃતિ રેલી, વૃક્ષારોપણ કાર્યક્રમ તથા તજ્જ્ઞોનાં વક્તવ્યોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાનાં કમિશનર ડૉ. રતનકુંવર એચ ગઢવીચારણ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પ્રાદેશિક અધિકારી ડી સી વંકાણી, પેથાપુર નગરપાલિકાના ચીફ ઑફિસર વી એલ પ્રજાપતિ, નિસર્ગના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ અને પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડના પૂર્વ જનસંપર્ક અધિકારી નરેશ ઠાકર ઉપસ્થિત રહ્યા હતા. પર્યાવરણ જાગૃતિ અર્થે ઘ-૪ સર્કલથી ડૉ. આંબેડકર હૉલ સુધી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પેથાપુર નગર પાલિકાના ૧૦૦ જેટલા સફાઈ કર્મચારીઓ અને સ્ટાફમિત્રો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ ડૉ. આંબેડકર ભવન ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ડૉ. અનિલ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીનાં મહત્ત્વ વિશે, નરેશ ઠાકરે ઘન કચરાના વ્યવસ્થાપન વિશે, ડી સી વંકાણીએ કચરાને બાળવાથી થતા પ્રદૂષણ વિશે સમજૂતી આપી હતી. ડૉ. રતનકંવરે પર્યાવરણનો અમૂલ્ય વારસો સાચવવાની હિમાયત કરી હતી. કાર્યક્રમમાં નગરની વિભિન્ન સંસ્થાઓના પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા ગાંધીનગર મહાનગર પાલિકાના કેતનભાઈ, નિસર્ગ સાયન્સ સેન્ટરના સંયોજક હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલે સક્રિય સહયોગ પૂરો પાડ્યો હતો.

## જન્મદિને વધામણી



જી આર અલોરિયા
નિવૃત્ત સનદી અધિકારી



શ્રેયસકુમાર
કમલેશભાઈ તરાલ
મો. ૯૮૭૯૯ ૧૫૩૯૧



સાત્વિક
નિલેષભાઈ મકવાણા

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# ડિગ્રી ઈજનેરીમાં ૩૮ હજાર બેઠકો ખાલી

## ડિગ્રી ઈજનેરીમાં ૩૩૭૮૧ વિદ્યાર્થીઓએ અને ફાર્મસીમાં ૧૫૫૨૯ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું
## ૧૧મીથી ૧૬મી જૂન વચ્ચે મોકરાઉન્ડ, પરિણામ ૧૯મીએ અને ફાઈનલ રાઉન્ડ ૧૯મીથી

ગાંધીનગર, તા. ૫

ડિગ્રી એન્જિનિયરિંગ અને ફાર્મસીમાં પ્રવેશ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશનની સમયમર્યાદા પૂર્ણ થઈ ચૂકી છે. ડિગ્રી ઈજનેરીમાં ૩૩૭૮૧ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. જેની સામે ફાર્મસીમાં ૧૫૫૨૯ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આમ, પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલા જ ડિગ્રી ઈજનેરીમાં ૩૮ હજાર બેઠકો ખાલી પડી છે. હવે તા.૧૦મીના રોજ સીટમેટ્રિક્સની જાહેરાત કરવામાં આવશે. જેના આધારે તા.૧૧મીએ પ્રોવિઝનલ મેરિટલિસ્ટ જાહેર કરીને તા.૧૧મીથી ૧૬મી જૂન વચ્ચે મોકરાઉન્ડ શરૂ કરવામાં આવશે. મોકરાઉન્ડનું પરિણામ તા.૧૯મીએ અને ફાઈનલ રાઉન્ડ હવે તા.૧૯મીથી શરૂ કરવામાં આવશે.

પ્રવેશ સમિતિ દ્વારા જયારે કાર્યવાહી શરૂ કરવામાં આવી ત્યારે ડિગ્રી એન્જિનિયરિંગમાં કુલ ૬૧ હજાર બેઠકો ઉપલબ્ધ હતી. EWS લાગુ કરવામાં આવ્યા બાદ ૧૧ હજારથી વધારે બેઠકોનો વધારો થયો છે. જેના કારણે હવે ઈજનેરીની કુલ બેઠકો ૭૨ હજાર થઈ છે જેની સામે પ્રવેશ માટે ૩૩૭૮૧ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. મોડી રાત ૧૨ વાગ્યા સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા ચાલુ હોવાથી ૩૪ હજાર વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન થાય તેવી શકયતા છે. ઈજનેરીમાં ૩૬ હજાર કરતાં વધારે પીનનું વેચાણ થયું હતું. એટલે કે પીનની સંખ્યા પ્રમાણે હજુ બેથી અઢી હજાર વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું નથી.

પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે રજિસ્ટ્રેશન કરાવનારા તમામ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવશે તેવું થતું નથી. દરવર્ષે રજિસ્ટ્રેશનની સંખ્યાની સામે પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ત્રણથી ચાર હજાર જેટલી ઓછી રહે છે. પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલા ૩૭ હજાર બેઠકો ખાલી છે તે પ્રસ્થાપિત થઈ ચૂક્યું છે.

ડિગ્રી ઈજનેરીમાં આજના સમયે ૩૭ હજાર બેઠકો ખાલી પડી છે. બીજીબાજુ ફાર્મસીમાં પ્રવેશ માટે બે વર્ષથી વિદ્યાર્થીઓનો ધસારો વધી રહ્યો છે. ચાલુવર્ષે ફાર્મસીમાં પ્રવેશ માટે ૧૬૫૧૨ પીનનું વિતરણ થયું છે. જેની સામે ૧૫૫૨૯ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવી લીધુ છે. બેઠકોની સંખ્યા ૭૨૪૭ હજાર જેટલી છે. ઈજનેરીની જેમાં ફાર્મસીમાં પણ રજિસ્ટ્રેશન કરાવનારા તમામ પ્રવેશ મેળવતાં નથી. આમ છતાં બેઠકોની સંખ્યામાં ડબલ વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે રજિસ્ટ્રેશન કરાવ્યું છે.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સ્કૂલ્સના
# શિક્ષકોએ વાર્તાકથનની તાલીમ મેળવી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. કે. પટેલ સ્કૂલમાં 'સ્ટોરી ટેલીંગ ટ્રેનિંગ' યોજવામાં આવી હતી. બાળકો સમક્ષ શિક્ષકોએ કેવી રીતે વાર્તાની પ્રસ્તુતિ કરવી તે અંગેની તાલીમ શિક્ષકોએ આ ઉપક્રમ અંતર્ગત ઉત્સાહપૂર્વક પ્રાપ્ત કરી હતી.

# બીએસએફ દ્વારા પર્યાવરણ દિન ઉજવાયો



બીએસએફ, ગુજરાત દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. ગુજરાત હેડ ક્વાર્ટર ખાતે આઈજી જી એસ મલિક દ્વારા એર પૉલ્યુશન અંગેની માહિતી ઉજવણીમાં સામેલ સાજેદારોને આપવામાં આવી હતી. બીએસએફ જવાનો દ્વારા સફાઈ અભિયાનનું આયોજન કરી મોટાપાયે કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

# કુમાર આર્ટ્સ ફાઉન્ડેશન દ્વારા શ્રેષ્ઠ પુસ્તકોને ઍવોર્ડ અપાશે

ગાંધીનગર, તા. ૫

પંચમહાલ જિલ્લાના ગોધરા નગર સ્થિત કુમાર આર્ટ્સ ફાઉન્ડેશન દ્વારા છેલ્લા એક દાયકાથી વિવિધ સાહિત્યિક અને સામાજિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. પુસ્તક પરબના પ્રણેતા દંપતી રમાબહેન અને ડૉ. પ્રતાપ પંડ્યાના સૌજન્યથી વર્ષ ૨૦૧૭-૧૮ના વર્ષમાં ગુજરાતી સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં પ્રગટ થયેલાં શ્રેષ્ઠ પુસ્તકોને એવોર્ડ્સ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

કવિતા માટે ડૉ. રણજિત પટેલ 'અનામી' ઍવોર્ડ, ગીત-ગઝલ માટે ડૉ. ચિનુ મોદી ઍવોર્ડ, ટૂંકી વાર્તા માટે શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ ઍવોર્ડ, નવલકથા માટે 'દર્શક' ઍવોર્ડ, પ્રવાસ નિબંધ માટે ડૉ. ભોળાભાઈ પટેલ ઍવોર્ડ, આત્મકથા-જીવન ચરિત્ર માટે શ્રી કિશનસિંહ ચાવડા ઍવોર્ડ, નાટક-એકાંકી : શ્રી ચંદ્રવદન ચી. મહેતા ઍવોર્ડ, વિવેચન ક્ષેત્રે ડૉ. સુરેશ જોષી ઍવોર્ડ, સંશોધન ક્ષેત્રે ડૉ. ભોગીલાલ સાડેસરા ઍવોર્ડ, હાસ્ય વ્યંગ ક્ષેત્રે શ્રી બકુલ ત્રિપાઠી ઍવોર્ડ, બાળસાહિત્ય ક્ષેત્રે શ્રી રમણલાલ નાનાલાલ શાહ ઍવોર્ડ ઉપરાંત શિક્ષણ અને સાહિત્યક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન માટે લાઈફ ટાઈમ ઍચીવમૅન્ટ ઍવોર્ડનું આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ માટે લેખકો અને પ્રકાશકોને જે સ્વરૂપમાં પ્રકાશિત થયેલા પુસ્તકની નકલ, જે વિભાગ માટે મોકલ્યું હોય તેના નામ નિર્દેશ સાથે ૧૫ ઑગષ્ટ સુધીમાં કુમાર આર્ટ્સ ફાઉન્ડેશન, ૧૪, સમ્રાટનગર, બામરોલી રોડ, ગોધરા-૩૮૯ ૦૦૧ (જિ. પંચમહાલ)ના સરનામે મોકલવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ અંગેની વધુ વિગતો માટે ફોન (૨૪૯૬૫૭) અથવા મોબાઈલ (૯૮૨૫૦ ૨૯૬૫૭)ના માધ્યમથી કુમાર આર્ટ્સ ફાઉન્ડેશનનો સંપર્ક કરવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ગાંધીજીનો વિનોદ

॥ ૪૯મો મણકો ॥

### ૧૧૮ - રામદાસની મોટરમાં બહાર જઈશું !

બાની માંદગી વેળા રામદાસભાઈ આગાખાન મહેલમાં બાને મળવા આવ્યા હતા. રામદાસની આર્થિક સ્થિતિ કંઈક નબળી એટલે મુસાફરીના ખર્ચનો બોજો એમના પર પડે તે પણ બાથી સહન થતું ન હતું.

રામદાસે બાને પ્રણામ કરી કહ્યું, કેમ બા, તબિયત કેમ છે ?

બા : ભાઈ, મારી તો આવી તબિયત છે. પણ તારી કેમ છે ? તું હમણાં કેટલું દૂધ પીએ છે ?

રામદાસના સમાચાર પૂછતાં પૂછતાં બાનું હૈયું ભરાઈ આવ્યું. બાપુ પાસે જ બેઠેલા હતા. તેમણે બાને આશ્વાસન આપતાં કહ્યું, આપણે છૂટશું તે પહેલાં તો રામદાસ મોટરવાળો થઈ ગયો હશે. અને આપણે તેની જ મોટરમાં બહાર જઈશું. દુખી બાના ચહેરા પર સ્મિતની રેખા ફરકી ગઈ. પણ પાસે ઊભેલા રામદાસે કહ્યું, બાપુ, હું ક્યાં ને મોટર ક્યાં ? હજી તમે દેવદાસભાઈની વાત કરો તો ઠીક છે.

### ૧૧૯ - શાલ સિવાય કશું નથી

એક વાર એક વિદેશી પત્રકારે કંઈક નવીન સમાચાર જાણવાની આશાએ ગાંધીજીને પૂછ્યું, મિ. ગાંધી, મારે માટે કંઈ છે ?

ગાંધીજી : ના, સિવાય કે તમારે મારી શાલ જોઈતી હોય તો.

સમાચાર આપવાની ના કહીને પણ પત્રકારને હસતે મોંએ જ ગાંધીજીએ વિદાય કર્યો.

### ૧૨૦ - વપરાયેલી ગોળી

સ્ટેટ્સમેન પત્રના માજી તંત્રી ૧૯૪૭નાં કોમી રમખાણો પછી ગાંધીજીને મળવા આવ્યા હતા. ગાંધીજીએ ૧૯૨૪માં કોમી એકતા માટે કરેલા ઉપવાસમાં તેમને શ્રદ્ધા ન હતી. તે ઉપવાસને તેમણે સંપૂર્ણ નિષ્ફળ તરીકે વર્ણવેલા. તે ઉપવાસનો ઉલ્લેખ કરી તેમણે ગાંધીજીને કહ્યું કે હજી સુધી તેમાં સફળતા જેવું દેખાતું નથી. પણ એક સભ્યતા અને શિષ્ટાચાર ખાતર તેમણે ઉમેર્યું કે એનું કંઈક પરિમામ તો આવવું જ જોઈએ.


ગાંધીજી : મને તે વિશે કશી જ શંકા નથી.

તંત્રી : ગાંધીજી, એ આપના પર અવલંબે છે. આપ સૌથી મહાન બળ છો.

ગાંધીજી : અરે ભાઈ ! હું તો વપરાયેલી ગોળી જેવો છું.

તંત્રી : ના, ના, એવું નથી. હજી સમય છે, શું થઈ શકે ?

ગાંધીજી : તો પ્રાર્થના કરો.



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# સ્મિત મ્યુઝિક દ્વારા યોજાશે વયસ્ક ગાયકો માટે કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૫

સ્મિત મ્યુઝિક, ગાંધીનગર દ્વારા ૫૦ વર્ષથી વધુ વય ધરાવતાં ગાયકો માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની એક અખબારી યાદીમાં જ્યોતિ-રૂપેશ ગજ્જર દ્વારા જણાવવામાં આવ્યું છે કે આગામી તા. ૨૨ જૂનના રોજ ગાંધીનગરના ડૉ. આંબેડકર હૉલ ખાતે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે, જેમાં ભાગ લેવા માટે તેમણે સૌ વયસ્ક નાગરિકોને અનુરોધ કર્યો છે.

આ માટે નામ નોંધાવવા માટે મો.નં. ૯૬૬૨૦ ૨૩૧૩૫ના માધ્યમથી સંસ્થાનો સંપર્ક કરવા તેમણે વધુમાં જણાવ્યું છે.

# રવિવારે કલોલ ખાતે 'શબ્દસ્વરની સાથે'

ગાંધીનગર, તા. ૫

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી મહાલ કમ્યુનિકેશન દ્વારા 'શબ્દસ્વરની સાથે' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાતી કવિતા અને સુગમ સંગીતનો આ વિશેષ કાર્યક્રમ તા. ૯ જૂન ને રવિવારના રોજ રાત્રે ૮.૪૫ કલાકે શ્રી સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરુકુળ હોલ, કલોલ ખાતે યોજવામાં આવ્યો છે.

આ પ્રસંગે કવિ-વિવેચક પ્રતાપસિંહ ડાભી, ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉ, ઉપપ્રમુખ સંજય થોરાત, કવિ-વિવેચક ડૉ. સતીન દેસાઈ, શ્રી અંકિત વિદ્યાલયના નિયામક કમલેશ ગજ્જર, રૉટરી ક્લબ, કલોલના પાસ્ટ પ્રેસિડેન્ટ વિષ્ણુભાઈ પંચાલ, રૉટરી ક્લબ, કલોલના સૅક્રેટરી વિપુલભાઈ રામી, ઓમકાર સ્ટુડિયો, કડીના સ્વરકાર કૌશિક ભોજક ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમ અંતર્ગત સુરેશ રત્નોત્તર, દીપેશ સુથાર, હિરલ બારોટ, રેખા પંચાલ, ઉપેન્દ્રપુરી ગૌસ્વામી, ગીતા પ્રજાપતિ, ગોપન ભટ્ટ, જિજ્ઞેશ પંચાલ, મેહુલ ઠક્કર, ગોપાલ નાયક અને સોનલ ગજ્જર સુગમ સંગીતની મોજ કરાવશે.

કાર્યક્રમનું સંચાલક કવિ શૈલેષ પંડ્યા 'ભીનાશ' દ્વારા કરવામાં આવશે.

### ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન
# આર્ટ્સ, જર્નાલિઝમ કૉલેજોમાં પ્રવેશ કાર્યવાહી

ગાંધીનગર, તા. ૫

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી આર્ટ્સ, જર્નાલિઝમ સહિતની કોલેજોમાં પ્રવેશ માટે હાલમાં કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. જેમાં આગામી તા.૭મી સુધી પીન વિતરણ અને રજિસ્ટ્રેશનની કાર્યવાહી કરવામાં આવશે. યુનિવર્સિટી સાથે જોડાયેલી આર્ટ્સ કોલેજોમાં બેઠકોની સંખ્યા ૧૪૨૦૦ છે. ચાલુ વર્ષે ૨૫ ટકા બેઠકો EWSના કારણે વધારવામાં આવતાં બેઠકોની સંખ્યા ૧૭૫૦૦ જેટલી થઈ ચૂકી છે. સામાન્ય રીતે અત્યાર સુધી વિદ્યાર્થીઓ જુદા જુદા આર્ટ્સ કોલેજોમાં પ્રવેશ માટે પ્રયાસ કરતાં હતા. પરંતુ ચાલુ વર્ષે બેચલર ઓફ જર્નાલિઝમની ત્રણ કોલેજોને મંજૂરી આપવામાં આવતાં હવે વિદ્યાર્થીઓ માટે આર્ટ્સ ઉપરાંત જર્નાલિઝમમાં પણ બેચલર ડિગ્રીમાં પ્રવેશ લેવાનો વિકલ્પ ખુલ્યો છે. પ્રવેશ સમિતિ સૂત્રો કહે છે છેલ્લા કેટલાય સમયથી આર્ટ્સ કોલેજમાં પ્રવેશમાં વિદ્યાર્થીઓનો ક્રેઝ વધ્યો છે. કારણ કે જીપીએસસી અને યુપીએસી જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરવા માટે આર્ટ્સના વિદ્યાર્થીઓને વધુ સરળતા રહેતી હોય છે. સામાન્ય રીતે મેડિકલ, ઈજનેરી સહિતના જુદા જુદા ક્ષેત્રના વિદ્યાર્થીઓ પણ આ સ્પર્ધાત્મક પરીક્ષા આપવા માટે માસ્ટર ડિગ્રી આર્ટ્સમાં કરતાં હોય છે. આ સ્થિતિમાં જે વિદ્યાર્થીઓનું લક્ષ્ય માત્ર યુપીએસસી પરીક્ષા જ છે તેવા વિદ્યાર્થીઓ આર્ટ્સમાં ગ્રેજ્યુએશન થવા ઈચ્છતાં હોય છે.

બેચલર ઓફ જર્નાલિઝમની કોલેજો નવી મંજૂર થવાના કારણે જે વિદ્યાર્થીઓ મીડિયામાં પોતાની કારર્કિદી બનાવવા ઈચ્છતાં હોય તેમના નામે બેચલર ડિગ્રી કરવાની વ્યવસ્થા ઊભી થઈ છે. બેચલર ઓફ જર્નાલિઝમ કર્યા પછી યુનિવર્સિટીમાં જર્નાલિઝમમાં માસ્ટર ડિગ્રી કરવાની પણ વ્યવસ્થા હોવાથી હવે વિદ્યાર્થીઓ બેચલર અને માસ્ટર બન્ને જર્નાલિઝમમાં કરી શકશે. હાલમાં ૧૭૫૦૦ બેઠકો માટે પીન વિતરણની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. તા.૧૧મી જૂને પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવશે. જેના આધારે તા.૧૫મીના રોજ મેરિટના આધારે કોલેજની ફાળવણી કરી દેવામાં આવશે. વિદ્યાર્થીઓએ તા.૧૭મીથી ૧૯મી સુધી કોલેજમાં જઈને ફી ભરવાની રહેશે. યુનિવર્સિટીએ અગાઉ એક જ રાઉન્ડ કરવાનું નક્કી કર્યું હોવાથી રિશફલિંગની પ્રક્રિયા જાહેર કરવામાં આવી નહોતી. હવે રિશફલિંગ રાઉન્ડ પણ જાહેર કરી દેવામાં આવ્યો છે. જે પ્રમાણે તા.૨૧મીથી ૨૨મી વચ્ચે ચોઈસ ફિલિંગ કરવાનું રહેશે. તા.૨૬મીએ કોલેજની ફાળવણી કરવામાં આવશે.



શ્રી સ્વામીનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજના અધ્યક્ષપદે યોજાનાર શ્રી મુખવામી વચનામૃત દિશાબ્દી મહોત્સવ તથા શ્રીજી સ્વયંમૂર્તિ શ્રી અબજી બાપા શતામૃત મહોત્સવ અંતર્ગત મૅડિકલ કૅમ્પ યોજવામાં આવ્યો હતો, જેમાં બ્લડ ડોનેશન તથા નાક, કાન, ગળાના રોગો માટે વિનામૂલ્યે ચૅક-અપ કરવામાં આવ્યું હતું. ઉપરાંત શ્રી સ્વામીનારાયણ મંદિર, મણિનગર ખાતે શ્રી સ્વામિનારાયણ ભગવાન સમીપે સવાલાખ કેરીનો આમ્રોત્સવ યોજાયો હતો. સમગ્ર કેરીને પ્રસાદમાં વિતરીત કરવામાં આવી રહ્યો છે. હોસ્પિટલ્સમાં તથા જરૂરિયાતમંદોને એ કેરીનું દાન કરવામાં આવી રહ્યું છે.